For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ગુજરાત ATS અને સ્થાનિક પોલીસના ઓપરેશનમાં એક ઝડપાયો, બેની શોધખોળ

# વાપીમાંથી 30 કરોડનું ડ્રગ્સ ઝડપાયું



**દમણના** ફાર્મહાઉસ ઉપર એમડી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઉપર પણ એટીએસની ટીમનો દરોડો

**દમણ** પોલીસ તેમજ વલસાડ જિલ્લા એસઓજીની ટીમના સંયુક્ત ઓપરેશનમાં એમડી ડ્રગ્સ બનાવવાના રેકેટનો પર્દાફાશ

વાપી, અમદાવાદ : વાપીના પોશ ગણાતા ચલાના બંગલામાંથી 30 કરોડની કિંમતના એમડી ડ્રગ્સને ઝડપી પાડી ગુજરાત એટીએસની ટીમે એમડી ડ્રગ્સ બનાવી વેચવાના આખા રેકેટનો પર્દાફાશ કર્યો છે. વાપી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, દમણ પોલીસ અને એન્ટિ ટેરેરિસ્ટ સ્કવોડે સંયુક્ત રીતે આ કાર્યવાહી કરી હતી. દમણના ફાર્મ



...અનુસંધાન પાના 5 પર

### પેરોલ જમ્પ કરીને ડ્રગ્સનું ઉત્પાદન શરૂ કર્યું

ગુજરાત એટીએસની ટીમે વાપીના ચલા વિસ્તારમાં તપોવન-૨માં ૪૦૨ એમાં રહેતા મોહન પાલીવાલને ઝડપી પાડ્યો હતો. આરોપી મોહન અગાઉ પણ ડ્રગ્સના કેસમાં સામેલ હોવાનું તપાસમાં જણાયું છે. તેની ઉપર આ પહેલાં એનડીપીએસ અધિનિયમ હેઠળ બે કેસ નોંધાયેલા છે. જેમાં તેની ધરપકડ પણ થઈ હતી. હાલમાં પેરોલ જમ્પ કરીને ફરાર હતો.

### દમણના ફાર્મહાઉસમાં ઝડપાયેલી સામગ્રી

(1) બ્રોમો રસાયણ 25 કિલો
(2) કોસ્ટિક સોડા 50 કિલો
(3) હાઇડ્રોક્લોરિક એસિડ
(4) મીઠાની થેલીઓ
(5) રસાયણના 10 ડ્રમ
(6) ખાલી કન્ટેનરનો જથ્થો
(7) ઇલેક્ટ્રિક ગેસ, ડોલ
(8) ડ્રગ્સ બનાવવા માટેની ટ્રે
(9)ગ્રાઇન્ડર- હીટર
(10) મોઢા પર પહેરવાના માસ્ક



### ફાર્મ હાઉસનો માલિક કોણ?

દમણ : ગુજરાત એટીએસએ આજે દમણમાંથી એમડી ડ્રગ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી. ત્યાંથી મોટા પ્રમાણમાં ડ્રગનું રો મટિરિયલ અને ડ્રગ બનાવવાની સામગ્રી મળી આવી હતી. જો, કે, એ.ટી.એસ. અને દમણ પોલીસ દ્વારા મોટી દમણના ફાર્મ હાઉસમાં પાડવામાં આવેલા છાપામાં ફાર્મ હાઉસ કોની માલિકીનું હતું તે અંગે કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી.

### એમડી ડ્રગ્સની ફેક્ટરી અગાઉ પણ પકડાઈ હતી

વલસાડ જિલ્લામાં માદક દ્રવ્યોનો કારોબાર અગાઉ પણ પોલીસ તપાસમાં ઝડપાયો હતો. વલસાડ નજીક કુંડી ફાટક પાસે એમડી ડ્રગ્સની ફેક્ટરી ઝડપાઈ હતી. એ રીતે વાપીમાં પણ કંપની ભાડે રાખીને એમડી ડ્રગ્સ બનાવતા ઇસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પારડીમાં પણ એમડી ડ્રગ્સનું વેચાણ કરતા શખ્સને પોલીસે સંકજામાં લીધો હતો.

# ડિંડોલીમાં ટ્રેન ઉથલાવવાના કાવતરાથી ખળભળાટ મચ્યો

**રેલવે** ટ્રેક પર લોખંડની જાડી પ્લેટ મૂકી ટ્રેનને ઉથલાવવાનો પ્રયાસ કરાયો, જો કે ડ્રાઈવરની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

**વડોદરાથી** મુંબઈ જતી ગુડ્ઝ ટ્રેનની સ્પીડ ધીમી હતી અને ડ્રાઈવરને અવરોધ દેખાઈ જતાં ઈમરજન્સી બ્રેકથી ટ્રેન રોકી દીધી

**પેસેન્જર** ટ્રેન અને સ્પીડ વધારે હોત તો કદાચ મોટી જાનહાનિ થતે, રેલવે સુરક્ષા દળ, પોલીસની ભાંગફોડિયા તત્ત્વોને શોધવા દોડાદોડ



સુરતઃ વડોદરા-મુંબઈ રૂટ પર દોડતી માલગાડીને ડિંડોલી નજીક ઉથલાવવાનો પ્રયાસ થતાં ખળભળાટ મચી ગયો છે. અજાણ્યા શખ્સોએ રેલવે ટ્રેક પર લોખંડની જાડી પ્લેટ મૂકી દીધી હતી, જો કે પાયલોટની સમયસૂચકતા અને તાત્કાલિક બ્રેકના કારણે ટ્રેન પાટા પરથી ઉતરી જવાની પરિસ્થિતિ ટળી ગઈ હતી. આ ગંભીર કૃત્ય બદલ ડિંડોલી પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

ડિંડોલી વિસ્તારમાં એક મોટો રેલ અકસ્માત ટળી ગયો હતો. વડોદરા તરફથી મુંબઈ જતી માલગાડી પસાર થવાની હતી, ત્યારે અજાણ્યા શખ્સોએ ટ્રેકના

...અનુસંધાન પાના 5 પર

### ગુનો અત્યંત ગંભીર, રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ

ડિંડોલી પોલીસે જણાવ્યું હતું કે આ કૃત્ય માત્ર અકસ્માત સર્જવાનો પ્રયાસ જ નહીં, પણ રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવાનો ગંભીર ગુનો છે. કોણે? શા માટે? અને કેવી રીતે? આ લોખંડની પટ્ટી ટ્રેક પર મૂકી તે જાણવા સીસીટીવી કેમેરા ફૂટેજ ચકાસવાની કામગીરી હાથ ધરાઈ છે. આસપાસના વિસ્તારોમાં તપાસ કરવામાં આવી રહી છે કે આ પ્લેટ કઈ દિશાથી લાવવામાં આવી અને કોણે મૂકી છે. અધિકારીઓ માને છે કે જો ટ્રેન થોડી વધારે ઝડપે આવી રહી હોત તો અણધારી દુર્ઘટનામાં અનેક બોગીઓ પાટા પરથી ઉતરી જતે અને માલગાડી પલટી જતા માલનું ભારે નુકસાન થતે.

### અમિત શાહની નજીકના ગણાતા ઓબીસી નેતા સિનિયર મંત્રી છે

# જગદીશ વિશ્વકર્મા ભાજપના પ્રદેશ પ્રમુખ, આજે જાહેરાત

**ત્રણ** ટર્મની અમદાવાદ નિકોલ પર ચુંટાતા અને હાલની કેબિનેટના સહકાર મંત્રી પર ભાજપે પસંદગીનો કળશ ઢોળ્યો

**દિવાળી** પૂર્વે ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં મોટા ફેરફારની પણ સંભાવના

**એક** જુનિયર મંત્રીને બઢતી મળશે, મોટાં ભાગના મોટાં માથાં બદલાય તેવી વકી



ગાંધીનગરઃ આજે 12.39 વાગ્યે એટલે કે વિજય મુહૂર્તમાં ભાજપના ઓબીસી નેતા અને સીનિયર મંત્રી જગદીશ વિશ્વકર્માએ ભાજપના કમલમ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપના અધ્યક્ષ પદ માટે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. જ્યારે પાર્ટીના જ 10 નેતાએ તેમને સમર્થન આપ્યું હતું. આવતીકાલે સવારે કમલમ ખાતે ઔપચારિક રીતે ચૂંટણીની કાર્યવાહી હાથ ધરીને જગદીશ વિશ્વકર્માને પ્રદેશ પ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર કરાશે. આમ, ભાજપે પ્રદેશ પ્રમુખ તરીકે OBC ચહેરાની પસંદગી કરી છે. જગદીશ વિશ્વકર્મા ઓબીસી સમાજમાંથી આવે છે, તેઓ હાલ રાજ્ય સરકારમાં રાજયકક્ષાના મંત્રી છે અને અમદાવાદ શહેર પ્રમુખ તરીકેનો સંગઠનનો બહોળો અનુભવ ધરાવે છે. તેમજ તેઓ અમિત શાહના ખૂબ વિશ્વાસુ માનવામાં આવે છે. જગદીશ વિશ્વકર્મા સતત ત્રણ ટર્મથી અમદાવાદ પૂર્વની નિકોલ બેઠક પરથી ચૂંટાઈ આવ્યા છે. જ્યારે હાલમાં સીએમ ભૂપેન્દ્ર પટેલની સરકારમાં સહકાર મંત્રી છે.

ગુજરાત ભાજપના વર્તમાન પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંતભાઈ પાટીલની બિહારના સહપ્રભારી તરીકે વરણી કરવામાં આવી છે. આથી તેમને

...અનુસંધાન પાના 5 પર

**અત્યાર સુધીના ભાજપના પ્રદેશ પ્રમુખ**

| | |
|---|---|
| કેશુભાઇ પટેલ | 1980 થી 1983 |
| મકરંદ દેસાઇ | 1983 થી 1985 |
| ડો. એકે પટેલ | 1985 થી 1986 |
| શંકરસિંહ વાઘેલા | 1986 થી 1991 |
| કાશીરામ રાણા | 1991 થી 1996 |
| વજુભાઇ વાળા | 1996 છી 1998 |
| રાજેન્દ્રસિં રાણા | 1998 થી 2005 |
| વજુભાઇ વાળા | 2005 થી 2006 |
| પરસોત્તમ રૂપાલા | 2006 થી 2010 |
| આરસી ફળદુ | 2010 થી 2016 |
| વિજય રૂપાણી | ફેબ્રુઆરી 2016થી ઓગષ્ટ 2016 |
| જીતુ વાઘાણી | ઓગષ્ટ 2016થી જુલાઇ 2020 |
| સીઆર પાટીલ | જુલાઇ 2020થી સપ્ટેમ્બર 2025 |

### પાંડેસરાથી આ રીતે વેસુ પહોંચી ખાટુશ્યામના દર્શન કર્યા



■ ભારતના લોકો અલગ અલગ પ્રકારની બાધા લે તે સામાન્ય બાબત છે પરંતુ નાના ભાઇને થયેલા કેન્સર માટે પાંડેસરાના રહેવાસીએ અનોખી બાધા લીધી હતી. તે સૂઇને નારિયેર પર માથું મૂકીને પાંડેસરાથી છેક વેસુના ખાટુશ્યામ મંદિર પર પહોંચ્યા હતા અને બાધા પૂર્ણ કરી હતી.
**(તસવીર : હેમંત ડેરે)**

# 7 રિટર્ન ભરવાના આદેશથી CAની દિવાળી બગડશે

**સી.એ.** દ્વારા તમામ સ્ટાફને 31 ઓક્ટોબર સુધી ઓફિસે આવવા આદેશ અપાયો

**વેપારીઓ** પર કર ભરવાનું દબાણ, ચાર્ટડ એકાઉન્ટન્ટ અને ટેક્સ કન્સલ્ટન્ટનું વેકેશન બગડશે

**7થી 31 ઓક્ટોબર સુધી 7 રિટર્નની તારીખો**

- તા.૭ ઓક્ટોબર, ૨૦૨૫: સપ્ટેમ્બર માટે TDS અને TCS ચૂકવણી
- ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫: GSTR-૧ (સપ્ટેમ્બર)
- ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫: TCS રિટર્ન ફાઇલિંગ (Q-૨, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬)
- ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫: GSTR-3B (સપ્ટેમ્બર)
- ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫: TDS રિટર્ન ફાઇલિંગ (Q-૨, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬)
- ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫: ટેક્સ ઓડિટ રિપોર્ટ ફાઇલિંગ (નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫, વિસ્તૃત)
- ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫: આવકવેરા રિટર્ન (નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫, ઓડિટ અને અન્ય કેસ માટે).

સુરતઃ દિવાળીના મુખ્ય તહેવાર પહેલાં વ્યવસાયકારો પર કર ભરવાનું દબાણ વધી રહ્યું છે. સપ્ટેમ્બરના આવકવેરા, GST અને TDS સંબંધિત રિટર્ન ફાઈલ કરવા અને ચૂકવણી કરવાની અંતિમ તારીખ ઓક્ટોબરમાં એક પછી એક નક્કી કરવામાં આવી છે. સમયસર રિટર્ન ફાઈલ કરવામાં નિષ્ફળતાના પરિણામે વધારાની લેટ ફી અને વ્યાજ લાગી શકે છે.

દિવાળી, ભારતનો સૌથી મોટો તહેવાર, ખુશી અને ઉજવણીનો સમય છે. પરંતુ આ તહેવારની તૈયારીઓ વચ્ચે વ્યવસાયો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) પર ટેક્સ રિટર્ન ફાઈલ કરવાનું ભારે દબાણ હોય છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબરના રિટર્ન ફાઈલિંગની સમયમર્યાદા ઓક્ટોબરમાં એક પછી એક આવે છે. જેના કારણે વેકેશનનો આનંદ માણવાનો સમય ઓછો થઈ જાય છે. ટેક્સ રિટર્નની સમયમર્યાદા મુજબ ઓક્ટોબર મહિનો ટેક્સ રિટર્ન ફાઈલિંગ માટે નિર્ણાયક છે. ચાલુ માસે એકસાથે 7 રિટર્ન ભરવાની મહત્ત્વપૂર્ણ સીએ અને ટેક્સ કન્સલ્ટન્ટના માથે છે. એના લીધે વેપારીઓ, સીએ ટેક્સ કન્સલ્ટન્ટ, વેપારીઓ અને સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ પણ સેવારત રહેશે.

રિટર્નની સમયમર્યાદા ચૂકવાથી લેટ ફી અને વ્યાજનું જોખમ રહે છે. જે વેપારીઓના નાણાકીય બોજમાં વધારો કરે છે. વેપારીઓ પર દિવાળી પહેલાં તમામ રિટર્ન ભરવા માટે ડોક્યુમેન્ટ આપવા દબાણ વધ્યું છે.

GST, TDS અને આવકવેરા રિટર્નની સમયમર્યાદા ઓક્ટોબરમાં હોવાથી વેપારીઓએ તહેવારની તૈયારીઓ સાથે નાણાકીય જવાબદારીઓનું પણ ધ્યાન રાખવું પડે છે. સમયસર રિટર્ન ફાઈલ ન કરવાથી મોડી ફી અને વ્યાજ લાગી શકે છે. જે તહેવારના આનંદને ઓછો કરી શકે

...અનુસંધાન પાના 5 પર

# ચંદની પડવાને લઈ 15 સંસ્થામાંથી 19 માવાનાં સેમ્પલ લેવાયાં

**ફાફડા**-જલેબીનાં સેમ્પલ ફૂડ વિભાગના રિપોર્ટમાં ફુલ્લી પાસ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દશેરા પૂર્વે શહેરભરમાં ફાફડા અને જલેબીના સેમ્પલો લેવામાં આવ્યા હતા, જ્યારે હવે ચંદી પડવો નજીક આવતા ઘારીમાં વપરાતા માવાના સેમ્પલો લેવામાં આવ્યા છે. મહાનગરપાલિકાની ટીમે

...અનુસંધાન પાના 5 પર

**કઈ કઈ સંસ્થામાંથી માવાના નમૂના લેવાયા?**

- જૈન માવા ભંડાર (પીરછડી રોડ, હરીપુરા)
- ઓમ બંસી માવા ભંડાર (ભાગળ)
- શ્રી કૃષ્ણ માવા ભંડાર (ખંડવાલા ની શેરી, અંબાજી રોડ)
- એમ/એસ શંકર માવાવાળા (હનુમાન મંદિર પાસે, હરીપુરા)
- શ્રીનાથજી ચુનીલાલ માવાવાળા (ભાગલ શાક માર્કેટ, બરાનપુરી)
- નંદશંકર માવાવાળા (કોટસફિલ રોડ, દેના બેંક સામે)
- દુર્લભભાઈ છગનલાલ માવાવાળા (બરાનપુરી ભાગલ)
- મિલ્ક પેલેસ ફૂડ્સ લિ. (ભટાર રોડ)
- સુગમ ડેરી (જહાંગીરપુરા)
- શ્રી વલ્લભ દૂધ મંડળી અને મીઠાઈઓ (મોટા વરાછા)
- સુગમ ડેરી (અડાજણ, નોવા કોમ્પ્લેક્સ)
- શ્રી અંબિકા માવાવાળા (પાંડેસરા)

...અનુસંધાન પાના 5 પર

### રીઝર્વ બેંકની સેમ ડે ક્લીયરન્સ પોલિસીના કારણે આજથી બેન્કમાં ચેક જમા કરો ને સાંજ સુધીમાં ખાતામાં પૈસા

# આજથી એક જ દિવસમાં ચેક ક્લીયર થશે

**સવારે** 10થી સાંજે 4 વાગ્યા દરમિયાન ચેક જમા કરનારા ગ્રાહકના ખાતામાં સાંજે 7 વાગ્યા સુધીમાં નાણાં જમા થઈ જશે

**નવા** વર્ષે 3 જાન્યુઆરી, 2026થી શરૂ થનારા બીજા તબક્કામાં ચેક જમા કરાવ્યા બાદ ફક્ત ત્રણ કલાકમાં ક્લીયર થઈ જશે

સુરતઃ ચેક બાઉન્સની સમસ્યા દૂર કરવા અને ગ્રાહકોને સેમ ડે ચેક ક્લિયરન્સની ઝડપી સુવિધા આપવાની રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની કામગીરી આવતીકાલથી શરૂ થશે. આવતીકાલે શનિવારથી ચેક જમા થતા સેમ ડે ખાતામાં નાણાં જમા થઈ જશે.

મોટાભાગની બેંકોએ 2 વાગ્યા પહેલા ચેક જમા કરાવવા ગ્રાહકોને જાણ કરી છે, જો કે RBIની સૂચના મુજબ સાંજે 4 વાગ્યા સુધીમાં જમા થનારા ચેક પણ તે જ દિવસે પાસ થશે. નવી સિસ્ટમ હોવાથી બેંકો પ્રારંભમાં 2 વાગ્યા સુધી ચેક સ્વીકારશે. જે ખાતેદારના એકાઉન્ટમાં પૂરતું બેલેન્સ નહીં હશે, તેઓના ચેક સેમ ડે બાઉન્સ થશે અને એની વિગત સિબિલ રેકોર્ડ સુધી પહોંચી જશે.

વર્ષ 2025ની આ પ્રથમ દિવાળી હશે જેમાં કાપડના વેપારીઓ, રિટેલરને સેમ ડે ક્લિયરન્સ સિસ્ટમથી મોટી રાહત મળશે. 4થી ઓક્ટોબરથી બેન્કોમાં સેમ-ડે ચેક ક્લીયરન્સ માટે આરબીઆઈ દ્વારા નોટિફિકેશન પણ જાહેર કરી દેવાયું છે. જે તે દિવસે ખાતામાં નાણા આવવાથી ઉદ્યોગ-ધંધામાં પણ ઝડપથી રોટેશન થઈ શકશે.

3 ઓક્ટોબર સુધી બેન્કોમાં ચેક જમા કરાવ્યાના બે દિવસે ક્લીયર થતાં હતા. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)માં ચેકની ઈમેજ ક્લિયરન્સ માટે ગયા પછી બીજા દિવસે ખાતામાં નાણાં જમા થતા હતા. બેન્કોમાં ચેક જમા થયા બાદ સહી-સિક્કા મારીને જે તે બેન્કની સર્વિસ બ્રાન્ચમાં મોકલવામાં આવે છે. ત્યારબાદ સંબંધિત બેન્કને ચેકની ઈમેજ મોકલવામાં આવતી હતી. NPCI દ્વારા ચેકના વિગત અને સહી વેરીફાઈ થયા પછી ચેક પાસ થતાં હતાં. જો કે, હવે બેન્કોને પણ આ ઝંઝટમાંથી મુક્તિ મળી જશે. 4થી ઓક્ટોબરથી બેન્કો દ્વારા સેમ-ડે ચેક ક્લીયરન્સનો ફેસ 1 શરૂ કરવામાં આવશે. સવારે 10થી સાંજે 4 વાગ્યા દરમિયાન ચેક જમા કરનારા ગ્રાહકના ખાતામાં સાંજે 7 વાગ્યા સુધીમાં નાણાં જમા થઈ જશે. એ પછી બીજા તબક્કામાં 3 કલાકમાં ચેક ક્લીયર થશે.

સુરત નાયલોન વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયુર ચેવલીએ જણાવ્યું હતું કે, સેમ-ડે ચેક

...અનુસંધાન પાના 5 પર


**દસમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



દ્રષ્ટિમાં હજી રમે છે હસતો ચહેરો તમારો, અંતરમાં હજીએ પછડાય છે તમારી સ્મૃતિના ધબકારા, તમને ગુમાવ્યાના દુઃખને આજે પરાણે અમે સૌએ હૃદય સરસું રાખ્યું છે. અસ્તિત્વનું રોમ હજીએ અનુભવે છે તમારી હયાતીનો હુંફાળો સ્પર્શ. અમને દુર દુર રહીને પણ ભાળશોને...

પંકજકુમાર આર. પટેલ (એડવોકેટ અને નોટરી)
ડૉ. અંજલી એન. પટેલ (પુત્રી)
નિકુંજકુમાર આર. પટેલ (જમાઈ)
કૌશલ પી. પટેલ (પુત્ર)
અંજલિ કૌશલ પટેલ (પુત્રવધુ)
ઠાકોરભાઈ રવજીભાઈ પટેલ (બનેવી)
રમીલાબેન ઠાકોરભાઈ પટેલ (બહેન)
તથા સમસ્ત કુટુંબ પરિવાર

સ્વ. ગીતાબેન પંકજકુમાર પટેલ
(સ્વ. તા. ૦૪/૧૦/૨૦૧૫)
રહે. ૧૫, કમલાપાર્ક સોસાયટી, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત

**...સ્મરણાંજલિ...**



હરે કૃષ્ણ હરે કૃષ્ણ
કૃષ્ણ કૃષ્ણ હરે હરે...
હરે રામ હરે રામ
રામ રામ હરે હરે...

સ્વ. હરીશભાઈ
હરીહરભાઈ વાડીવાલા
સ્વ. તા. ૦૪.૧૦.૨૦૨૨

લિ.
સમગ્ર વાડીવાલા પરિવારના
ભાઈઓ – બહેનો

**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. રમેશભાઈ ગોપાળભાઈ પટેલ
જન્મ તા. ૧૭/૧૦/૧૯૫૫ સ્વ. તા. ૦૪/૧૦/૨૦૨૪, શુક્રવાર

જીવન નશ્વર છે, આત્મા અમર છે, કોણ ક્યારે વિદાય લેશે એ કહેવું મુશ્કેલ છે, જીવન અને મૃત્યુ એ કુદરતનો ક્રમ છે, છતાંય તમારી વિદાય ગમગીન છે. પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ અમારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ.

લિ.
સ્વ. કાનજીભાઈ ગોપાળભાઈ પટેલ (ભાઈ) | ગં.સ્વ. ભારતીબેન કાનજીભાઈ પટેલ (ભાભી)
બંકિમભાઈ કાનજીભાઈ પટેલ (ભત્રીજા) | રશ્મીબેન બંકિમભાઈ પટેલ (ભત્રીજા વહુ)
શૈલેષભાઈ કાનજીભાઈ પટેલ (ભત્રીજા) | સારિકાબેન શૈલેષભાઈ પટેલ (ભત્રીજા વહુ)
હરીશભાઈ રામુભાઈ પટેલ (જમાઈ) | રીનાબેન હરીશભાઈ પટેલ (ભત્રીજી)
માર્ક, વિશ્વ, રૂદ્ર, મોલિષા, વૈલિષા, દત્ત (ભાણેજ : પાર્થ, ખુશી, સેરી)
તથા સમસ્ત ગોપાળભાઈ ભાણાભાઈ પટેલ પરિવાર
ગામ : ભીમરાડ, કોલુ ફળિયું, તા. મજુરા, (સીટી) સુરત.

**સુરતી મોઢ વણિક અવસાન**



દિલગીરી સહ જણાવવાનું કે હમારા માતૃશ્રી ઉષાબેન મદનલાલ પટેલનું તા. ૩/૧૦/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતની સ્મશાનયાત્રા તા. ૪/૧૦/૨૦૨૫ શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે હમારા નિવાસસ્થાનેથી નીકળી ઉમરા સ્મશાનભૂમિ જશે.

સ્વ. ઉષાબેન મદનલાલ પટેલ
સ્વ. તા. ૩/૧૦/૨૦૨૫

નિવાસસ્થાનઃ ૧૧, વિભા વિનર રો હાઉસ, સીટીલાઇટ, સુરત

પ્રાર્થના સભાઃ તા. ૦૪/૧૦/૨૦૨૫ના રોજ આદર્શ હોલ, સાંજે ૪.૩૦ થી ૬.૦૦ દરમ્યાન રાખવામાં આવેલ છે.

શોકાતુરઃ
સ્વ. મદનલાલ ઈશ્વરલાલ પટેલ
સંજય મદનલાલ પટેલ
અજય મદનલાલ પટેલ
વિજય મદનલાલ પટેલ
તથા સમસ્ત હિંગવાળા પરિવાર

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**સાતમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



નથી હયાત પરંતુ સાથે જ છો તેવું હંમેશા લાગ્યા કરે છે, હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે. ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગના ભણકારા સંભળાયા જ કરે છે અને યાદોમાં તમારા દર્શન થયા જ કરે છે. પ્રભુ તમારા દિવંગત આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ.
ગં.સ્વ. તારાબેન મોરારભાઈ પટેલ
મોહનભાઈ સુરેશભાઈ ઉર્ફે હાંસજીભાઈ પટેલ (ભાઈ)
બોની મોહનભાઈ પટેલ (ભત્રીજા) | દિપકભાઈ લખુભાઈ પટેલ
ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલ (સરસાણા) | ગોવિંદભાઈ નાનુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

સ્વ. મોરારભાઈ
સુરેશભાઈ ઉર્ફે હાંસજીભાઈ પટેલ
સ્વ. તા. ૦૪/૦૩/૨૦૨૫

નિવાસ સ્થાન : નિકી હાઉસની બાજુમાં, ન્યુ મગદલ્લા, સુરત.